
ગાંધીનગર સમાચાર Regd. No. GNR/65-G0

# પાટનગરના શહેરી વિસ્તારમાં શૌચાલય સુવિધાની સ્થિતિ

ગાંધીનગરના ૬૦ ટકા પરિવારોને ઘરમાં જ શૌચાલયની સુવિધા ઉપલબ્ધ છે. એમાં ગાંધીનગર શહેરની વિગત જોઈએ તો દર દસ પરિવારે આઠ પરિવારો પાસે મકાનમાં જ શૌચાલય છે પરંતુ જ્યારે ગ્રામીણ ગાંધીનગરમાં જોઈએ તો દસ પરિવારે માત્ર ચાર પરિવારો પાસે જ શૌચાલય છે. ગ્રામીણ ગાંધીનગરની સ્થિતિએ રીતે જોઈએ તો ચિંતાજનક છે. આ આંકડા સેન્સસ ૨૦૧૧ના છે એટલે આ પરિસ્થિતિમાં ઘણો સુધારો તંત્ર દ્વારા ચોક્કસ કરવામાં આવ્યો હશે એવી આશા આપણે રાખીએ તો ખોટુ નથી કારણ કે 'સ્વચ્છ ભારત અભિયાન' સેન્સસ સર્વે જાહેર થયો એ પછી ત્રણેક વર્ષ બાદ અમલી બન્યો છે. એટલે પરિણામલક્ષી કામગીરી થઈ હશે, પરંતુ સાથોસાથ આપણા માટે એ પણ વિચારવાનું રહ્યું કે કોઈ અભિયાન અખિલ




**ગાંધીનગર વિકસી રહ્યું છે એ સુવિધાઓની કમી દર્શાવે છે**

ભારતીય સ્તરે શરૂ કરવામાં આવે ત્યારે જ આપણે સામાજિક વિકાસની નબળી સ્થિતિને સુધારવાનો પ્રયત્ન સરકારી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવે ? - આ પ્રશ્ન કલ્યાણ રાજ્યમાં સરકારી તંત્ર વાહકોએ વિચારવો જ રહ્યો. ગુજરાતની સરખામણીએ સેન્સસ-૨૦૧૧ મુજબ ગાંધીનગર જોઈએ તો ગાંધીનગરમાં જે પરિવારોને પોતાના જ ઘર મકાનમાં શૌચાલયની સુવિધા છે તેમના શૌચાલયની સ્થિતિ તપાસીએ તો ગાંધીનગર શહેરી વિસ્તારની સરખામણીએ આદિવાસી અને પ્રમાણમાં પછાત ગણાતા ગુજરાતના અન્ય શહેરી વિસ્તારોમાં પણ સરેરાશ વધુ સારી છે. ગુજરાતના શહેરી વિસ્તારોમાં ઘરની અંદર શૌચાલય હોય એવા પરિવારોની સંખ્યા ગાંધીનગર કરતા ૮ ટકા જેટલી વધારે ૮૮ ટકા છે. ગાંધીનગર ગ્રામીણ અને ગુજરાત ગ્રામીણ પરિવારોની ટકાવારી એક સરખી ૫૫ ટકા છે. તે દૃષ્ટિએ જો કે ગુજરાતના ગાંધીનગરને બાદ કરતાં ગામડાઓમાં ઘરમાં શૌચાલયની ટકાવારી ઓછી છે. ગ્રામીણ ગુજરાતના ૩૩ ટકા પરિવારોને ઘરમાં શૌચાલય સુવિધા છે જ્યારે ગાંધીનગરના ગ્રામીણ વિસ્તારના ૪૨ ટકા પરિવારોને ઘરમાં શૌચાલય છે. આમ, શૌચાલયની પરિસર સુવિધામાં ગાંધીનગરનો ગ્રામીણ વિસ્તાર ગુજરાતના ગ્રામીણ વિસ્તારની સરખામણીએ વધુ સારી સ્થિતિ ધરાવે છે એમ કહી શકાય. ગ્રામીણ ગુજરાત અને ગ્રામીણ ગાંધીનગરની સ્થિતિ જોતા ગાંધીનગરનો ગ્રામ્ય વિસ્તાર આરોગ્ય અને સામાજિક ક્ષેત્રે અગ્રેસર છે પરંતુ શહેરી ગાંધીનગરની સ્થિતિ 'પાટનગર'ની દૃષ્ટિએ સુખદ નથી. આની પાછળના કારણો જોઈએ તો ગાંધીનગર શહેર છેલ્લા થોડા વર્ષોમાં રહેણાંકની દૃષ્ટિએ વધુ સ્વીકૃત શહેર બની રહ્યો છે એ પણ છે. ગાંધીનગર ધંધા-રોજગાર-વ્યવસાય અને સંતાનોના શિક્ષણ માટે 'બેસ્ટ ડેસ્ટિનેશન' બન્યું છે. પરિણામે પેથાપુર-વાવોલ-લેકાવાડા-સરગાસણ-કુડાસણ-કોબા-વગેરે વિસ્તારોમાં મકાન બાંધકામ વિકસ્યું છે. નવા ગાંધીનગરના આકારની આ સ્થિતિના પરિણામે સૌથી વધુ પ્રમાણમાં સ્થળાંતરીત મજૂરો આવતા હોય છે જેમને માટે શૌચાલયની સુવિધા તેમના કાચા ઝુંપડા અને પાકા શેડ પતરાના રહેઠાણમાં ઉપલબ્ધ હોતી નથી. આ ઉપરાંત જ્યાં જ્યાં નગર વિકસે ત્યાં ત્યાં ઝુંપડપટ્ટી ઉભી થાય જ એ ચોક્કસ હોય. આ સ્થિતિમાં ઝુંપડપટ્ટીમાં શૌચાલયની સુવિધા હોય જ નહી આથી પણ ગાંધીનગરના શહેરી વિસ્તારના પરિસરમાં શૌચાલય સુવિધા ન હોવાનું એક મહત્વનું કારણ છે.




...ડાળે ડાળે પગલાં વસંતના...ગાંધીનગરમાં ગ્રીષ્મના આગમનનું સૌંદર્ય સોળે કળાએ ખીલી ઉઠ્યું છે. ગ્રીનસીટી ગાંધીનગરનુ દરેક મોસમનુ સૌંદર્ય અલગ અલગ હોય છે. એમાંય ગ્રીષ્મના આગમનના અણસાર આપતા વસંતમાં શહેર જાણે સોળે શણગાર ખીલી ઉઠે છે. માર્ગોની આસપાસ ઉછેરવામાં આવેલા વૃક્ષો આમ તો અન્ય મોસમમાં એક જેવા જ લીલા પાંદડાઓથી સમૃદ્ધ લાગે છે પરંતુ ઉનાળો શરૂ થતાં જ આ વૃક્ષો અવનવા રંગરૂપ ધારણ કરી લે છે. વહેલી સવારે શહેરની લટાર મારવા નીકળો તો વૃક્ષોનુ અનોખુ સૌંદર્ય અને તેના નવા રંગરૂપ આબાદ ઝીલાય છે. કોઈ ચિત્રકારે ખૂબ ચિવટથી ચૂંટ્યા હોય તેવા પીળાં, લાલ, નારંગી, જાંબલી જેવા રંગોના ફૂલોથી આખેઆખા વૃક્ષો લચી પડેલા જણાય છે. અમુક વૃક્ષોના ફૂલો તો આ ઋતુમાં માત્ર પાંચ-સાત દિવસ જ ખીલેલા રહે છે. ગાંધીનગરને ગ્રીનસીટી બનાવવા સમયે દેશ-વિદેશમાંથી ચૂંટીને શહેરમાં ઉછેરવામાં આવેલા આ વૃક્ષોનુ સૌંદર્ય ગ્રીષ્મના આગમને જોતાં જ આંખોને ટાઢક આપે છે. ગ્રીષ્મ, ગરમાળો, ગુલમહોર અને ગાંધીનગર... આજકાલ એકબીજાના પર્યાય જેવા લાગી રહ્યા છે.

## મુખ્ય સેવિકાઓની બદલીઓનો વિવાદ

ગાંધીનગર, તા. ૧૭

સંકલિત બાળ વિકાસ યોજનામાં મુખ્ય સેવિકાઓની આચારસંહિતા પહેલાં કરાયેલ બદલીઓ અંગે ચેરમેન મહિલા બાળ-વિકાસ સમિતિએ જ વિરોધ કર્યો છે.

તેમણે જણાવ્યુ છે કે બદલીઓ કિન્નાખોરી અથવા તો દ્વેષભાવથી કરાઈ હોય તેવુ પ્રથમ દૃષ્ટિએ લાગી રહ્યુ છે. સોજા તાલુકામાં જ બદલવાને બદલે તાલુકા બહાર મુકીને આ બદલીઓ વિવાદાસ્પદ બની છે.

આ બદલીઓના મુદ્દે તંત્રએ પુનઃ વિચાર કરવામાં આવે તે અનિવાર્ય જરૂરિયાત હોવાનું પણ તેમણે કહ્યું છે.

# ગાંધીનગર સંસદીય મત વિસ્તારમાં છેલ્લા એક વર્ષમાં ૩ ટકા મતદારો વધ્યા

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં છેલ્લા એક વર્ષમાં ૨.૯૫ ટકાનો વધારો નોંધાયો છે. તેમજ આ સંસદીય મતવિસ્તારમાં ૧૦૦ ટકા મતદારો તેમના મતદાર ઓળખકાર્ડ ધરાવે છે.

ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં નોંધાયેલા મતદારોની સંખ્યા ૧૯ લાખ ૨૦ હજાર છે જેમાં પુરૂષ મતદારોની સંખ્યા ૯,૯૧,૮૭૭ છે જ્યારે મહિલા મતદારોની સંખ્યા ૯,૨૮,૮૩૧ છે.

ચૂંટણી પંચના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી સત્તાવાર વિગતો પ્રમાણે ગત વર્ષની તુલનામાં ૩૬,૫૨૨ મતદારો વધ્યા છે. સૌથી વધુ વધારો ઘાટલોડિયા વિધાનસભા મતવિસ્તારમાં નોંધાયા છે. જે ૩.૪૧ ટકા જેટલો થાય છે.

મળતી વિગતો પ્રમાણે સંસદીય મતવિસ્તારમાં મતદારોની દૃષ્ટિએ પણ સૌથી મોટો વિસ્તાર ઘાટલોડિયા વિધાનસભા મતદાર વિભાગ છે. આ વિભાગમાં ૧૨,૧૯૯ મતદારો નવા નોંધાતા તે સાથે કુલ મતદારો ૩,૬૯,૫૬૬ થાય છે.

ગત વર્ષની તુલનામાં મતદારોની સૌથી ઓછી વૃદ્ધિ સાબરમતી વિધાનસભા મતદારમાં થઈ છે. જે ૦.૬૮ ટકા છે. આ સંસદીય મત વિસ્તારમાં ગત વર્ષની તુલનામાં ગાંધીનગર(ઉ)માં ૧.૫૧

● અનુસંધાન પાન-૭ પર

# પાણી ગટર વેરાના બિલ નવા સેકટરોમાં ન મળ્યા હોવાની વ્યાપક ફરિયાદ

**વેરા વસુલાત ઝુંબેશના અંતે પણ ૩૦ ટકા વેરો વસુલી શકાતો જ નથી**

ગાંધીનગર તા ૧૭

શહેરમાં પાણી ગટરની જરૂરિયાતને સંતોષવા માટે વર્ષે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. જેની સામે સરકાર દ્વારા પ્રતિવર્ષ એડવાન્સ વેરા વસુલાત ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. આ વર્ષે પણ વેરા વસુલાત ઝુંબેશ હાથ ધરાઈ છે. પરંતુ નવા સેકટરોમાં કેટલાક ઠેકાણે બિલો ન મળ્યા હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે. પાણી ગટર વેરા વસુલાત અન્વયે ૩૦ ટકા વેરો વસુલી શકાતો જ નથી.

શહેરમાં પાણી ગટર વેરાની ચુકવણી માટે તંત્ર દ્વારા પ્રતિવર્ષ એડવાન્સ ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. જયારે એડવાન્સ વેરા વસુલાત માટે વેરાના બિલનુ પણ વિતરણ કરવામાં આવે છે. શહેરમાં અંદાજિત ૨૬ હજારથી વધુ જોડાણકર્તાઓ પાસેથી પાણી ગટર વેરાની વસુલાત કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

**ચોમાસુ નિષ્ફળ ગયા બાદ તળાવ સુકાયા**

# જિલ્લામાં ઉનાળાની સિઝનમાં પાણીની સમસ્યાના ગંભીર પડકારના દસ્તક

**૭૦ ગામોમાં પેયજળની ગુણવત્તા સામે પ્રશ્નાર્થ છે ; શહેરમાં પાણીનો વેડફાટ ચિંતા બની છે : ૫૦ ટકાથી ઓછો વરસાદ થતાં ખેડૂતો પણ ચિંતાતુર**

ગાંધીનગર, તા. ૧૭

ઉનાળાની સિઝન હવે દસ્તક દઈ રહી છે ત્યાં જિલ્લામાં તળાવો સુકાઈ જવા માંડ્યા છે અને ભૂગર્ભજળના સ્તર ૨ થી ૩ મીટર ઊંડા જતાં જિલ્લામાં ઉનાળા દરમ્યાન પેયજળની સમસ્યા ગંભીર બનશે.

ઓવર એક્સ્પોલોઈટેશન કેટેગરીમાં આવતાં જિલ્લામાં તળાવો ઊંડા કરયા અને નવા પણ ગત વર્ષે બનાવાયા હતા પરંતુ ચોમાસુ નિષ્ફળ ગયુ છે. જિલ્લાના ચારેય તાલુકામાં ૫૫ ટકા કરતાં પણ ઓછો વરસાદ નોંધાયો છે એટલુ જ નહિ જળસંચય થઈ શકાયુ નથી.

ગાંધીનગરના ગોંદરે બનાવવામાં આવેલ સંત સરોવરમાં પણ પાણી નથી તેમજ રવિસીઝનમાં પાકને બચાવવા માટે ખેડૂતોએ ભૂગર્ભ જળ સારૂ એવુ વાપર્યુ છે આથી જિલ્લામાં પાણીના સ્તર બે થી ત્રણ મીટર જેટલા ઊંડા ઉતર્યા છે.

જિલ્લામાં પીવાના પાણીની અછતના આયોજન માટે દર સપ્તાહે બેઠકો યોજવામાં આવે છે. ૭ કરોડથી વધુનુ નવા બોર અને ટાંકીઓ બનાવવાનું આયોજન કરવામાં આવ્યુ છે. કેટલાક વિસ્તારમાં કામો પણ શરૂ કરી દેવામાં આવ્યા છે.

જિલ્લા પંચાયતે પણ તેના બજેટમાં પેયજળ માટેની સુવિધા માટેની જોગવાઈમાં વધારો કરવાનો નિર્ણય કર્યો છે. પરંતુ પાણીની અછત જિલ્લા માટે ચિંતાનો વિષય બનીને ઉભરી રહી છે. નર્મદાનું પાણી બધા ગામો લેતા નથી એટલુ જ નહિ હજુ પણ ગ્રામ્ય વિસ્તારમાં તેમના સ્થાનિક સ્રોત પર આધાર રાખી રહ્યા છે.

માણસા વિસ્તારમાં ફ્લોરાઈડની સમસ્યા જણાઈ છે તો દહેગામના અંતરિયાળ ગામોમાં તો અત્યારથી જ પાણીના પ્રશ્નો ઉભા થયા છે. જિલ્લામાં ૭૦ થી વધુ ગામોના પેયજળની ગુણવત્તા સામે પ્રશ્નાર્થ તરીકે ઉભરી આવી છે. આ પરિસ્થિતિમાં આગામી દિવસોમાં ઉનાળો આકરો બનશે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પાણીની સમસ્યાના નિરાકરણ માટે માઈક્રો નર્મદા કેનાલનું નેટવર્ક હજુ સુધી જોઈએ તેટલુ ઉભુ થઈ શક્યુ નથી. નર્મદાનું પાણી પાઈપલાઈન દ્વારા પહોંચાડવાનુ આયોજન થઈ ગયુ પરંતુ ઘણા વર્ષોથી આ પાઈપોમાં પાણી ના વહેતા તેને કાટ લાગી ગયો છે અને હવે તેને બદલવાનો સમય થયો છે.

● અનુસંધાન પાન-૭ પર

## જયેશ રાદડિયા સામે આચારસંહિતા ભંગની ફરિયાદ

અમદાવાદ, તા.૧૭

વિકાસનાં કામોના સમાચાર પ્રસિદ્ધ કરવા બદલ કેબિનેટ મંત્રી જયેશ રાદડીયા સામે ચૂંટણી પંચમાં ફરિયાદ થઈ છે, જેને લઈ ધોરાજી-કંડોરણા પંથકમાં ભારે ચર્ચા જાગી છે. ચૂંટણી આચારસંહિતાના ભંગ બદલ ઓનલાઈન અરજીના આધારે આ ફરિયાદ નોંધાતા હવે ચૂંટણી પંચે સમગ્ર મામલાની સત્યતાની તપાસ શરૂ કરી છે. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, રાજ્યના કેબિનેટ મંત્રી જયેશ રાદડિયા સામે ચૂંટણી પંચની ઓનલાઈન એપ્લિકેશન પર આચારસંહિતા ભંગની ફરિયાદ નોંધાઈ છે. જયેશ રાદડિયાએ ધોરાજી પંથકમાં ૪૫ કરોડના ખર્ચે તૈયાર થનાર રસ્તાની મંજુર કરાવી હોવાના સમાચાર પ્રસિદ્ધ કરાવ્યા હતાં. જે મામલે ચૂંટણી પંચની ઓનલાઈન એપ્લિકેશન પર આચારસંહિતા ભંગની ફરિયાદ નોંધાઈ છે.



હોલીયા મે ઉડે રે ગુલાલ... હોળી-ધૂળેટીના તહેવારોએ હજુ તેમનો રંગ જાળવી રાખ્યો છે. પરંપરાગત રીતે આ બંને તહેવારોની ઉજવણી ધામધૂમથી થાય છે. બાળકો અને યુવાનો માટે તો આ તહેવાર ભરપૂર આનંદ-ઉલ્લાસનો છે. એકબીજા પર રંગોની છોળો ઉડાડી... બૂરા ના માનો હોલી હૈ... કહી આનંદ ઉલ્લાસ કરવાનો આ દિવસથી હોળી-ધૂળેટી નજીક આવી છે ત્યારે બજારોમાં ધીમે ધીમે ઘરાકી જામી રહી છે. રંગો અને પીચકારીઓની ખરીદી કરતા ઘણા વસાહતીઓ નજરે પડી રહ્યા છે.

# જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ૨૯ હજારથી વધુ બાળકો બિમાર છે

**૧૪ હજારથી વધુ બાળકો કુપોષિત તો ૭૯ બાળકો હૃદય, ૪૭ કિડની અને ૩ને કેન્સરની બિમારી : ૨૨ બાળકો શિક્ષણને લઈ માનસિક તનાવ અનુભવી રહ્યા છે**

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૪ હજારથી વધુ બાળકો કુપોષણથી પિડાઈ રહ્યા છે. જિલ્લામાં 'સબ સલામત'ના આરોગ્ય તંત્રની પોકળતા શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમમાં છતી થવા પામી છે.

જિલ્લામાં હૃદયની બિમારી ધરાવતા ૭૯ બાળકો, કિડનીની બિમારી ધરાવતા ૪૭ તેમજ કેન્સરની બિમારી ધરાવતા ૩ અને અન્ય બિમારીઓ ધરાવતા ૨૦૩૮ બાળકો મળી આવ્યા છે.

જિલ્લામાં ૧૦,૯૧૭ બાળકો પાંડુરોગની બિમારી, ૩૫૯૩ બાળકો આંત્રકૃમિની બિમારીથી પિડાઈ રહ્યા છે. આરોગ્ય તંત્રના મહત્વાકાંક્ષી કાર્યક્રમ શાળા આરોગ્ય કાર્યક્રમના આખરી થયેલા અહેવાલ મુજબ ૪૭૮૪ બાળકો દાંતની બિમારી, ૨૩૬૬ આંખની બિમારી તેમજ નાક-કાન-ગળાની ૧૯૧૨ બિમારી બાળકોમાં જોવા મળી છે.

૯૮૩ બાળકોને પેટની નાની-મોટી બિમારી, ૨૦૫૫ બાળકોને શરીરની સ્થુળતા, ૮૮૦થી વધુ બાળકો શ્વસનતંત્રની બિમારીથી પિડાતા હોવાનું આ કાર્યક્રમ દરમિયાન બહાર આવવા પામ્યું છે.

આ ચકાસણી કાર્યક્રમ દરમિયાન સૌથી ચોંકાવનારી હકીકત એ બહાર આવી છે કે ૨૨

● અનુસંધાન પાન-૭ પર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

# પીંપળજમાં ફરી એકવાર દિપડાએ દેખા દેતા વનતંત્રએ પાંજરુ મુકયુ

**ગઇકાલે બકરીનુ મારણ કર્યુ : ગત ડિસેમ્બરમાં પણ પીંપળજમાં દિપડાએ દેખા દેતા સ્થાનિકોમાં ફફડાટ પ્રવર્તાયો હતો**

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગર જિલ્લાની હદમાં ફરી એકવાર દિપડાએ પ્રવેશ કર્યો હોવાની વાત સામે આવી છે. અગાઉ નવા સચિવાલયમાં ઘુસી ગયેલા દિપડાને ધનતેરસના દિવસે પાંજરે કેદ કરાયો હતો. જયારે ગત ડિસેમ્બરમાં પીપંળજમાં દિપડાએ દેખા દીધી હોવાનુ પણ પ્રકાશમાં આવ્યુ હતુ. જયારે ગઈકાલે પણ પીંપળજમાં દિપડાએ એક બકરીનુ મારણ કર્યુ હોવાનુ ધ્યાને આવ્યુ છે ત્યારે વનતંત્રએ આ ઠેકાણે પાંજરુ મુકીને દિપડાને કેદ કરવા માટે પ્રયાસ હાથ ધર્યો છે.

ગાંધીનગરમાં દિવાળી પુર્વેથી જ દિપડાની અવરજવરનો વિષય હોટ બન્યો છે. શહેર બાદ આસપાસના જંગલ વિસ્તારમાં દિપડાએ દેખા દીધી હોવાનુ હમણાં હમણાંમાં સામાનન્ય બની ગયુ છે. ગાંધીનગરમાં અગાઉ ગત ડિસેમ્બર મહીનામાં પીપળજમા દિપડાએ દેખા દીધી હોવાનુ પ્રકાશમાં આવ્યુ હતુ. જયારે વનતંત્રએ પાંજરુ મુકી દિપડાને કેદ કરવાના અનેક પ્રયાસો કર્યા બાદ પણ દિપડો તંત્રની ગિરફતમાં આવ્યો ન હતો. જયારે અલુવા હિલ્સ પાસેના જંગલ વિસ્તારમાં પણ દિપડો ફરતો હોવાની વાત સામે આવી હતી. જયારે વનતંત્રના અધિકારીઓ આ ઠેકાણે ફરીને અંતે પરત ફર્યા હતા. દિપડાના પગમાર્ક પણ મુલાકાતીઓને જોવા મળ્યા હોવાનુ

● અનુસંધાન પાન-૭ પર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com